# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-06-2024** **Morning : 7.45 to 7.55**
**Day : Wednesday** **National News**

## આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

*****************************************

✓ ઓડિશા અને આંધ્રપ્રદેશને મળશે આજે નવા મુખ્યમંત્રી. ઓડિશામાં મોહન ચરણ માંઝી અને આંધ્રપ્રદેશમાં ચંદ્રબાબુ નાયડુ મુખ્યમંત્રી તરીકે શપથ લેશે..

✓ અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રીની પસંદગી માટે ભાજપના બે નિરીક્ષકો ઇટાનગર ખાતે વિધાયક દળ સાથે બેઠક કરશે

✓ હવામાન વિભાગે આગામી પાંચ દિવસમાં વિદર્ભ, મધ્યપ્રદેશ અને દક્ષિણ ભારતના કેટલાંક વિસ્તારમાં વરસાદની આગાહી કરી..

✓ રશિયા અને બેલારુસના સૈન્ય દ્વારા પરમાણુ હથિયારોના ઉપયોગ અંગેની કવાયત હાથ ધરાઇ ....

✓ આજે ટી-20 વિશ્વકપમાં ન્યૂયોર્ક ખાતે ભારત અને અમેરિકા વચ્ચે મૂકાબલો યોજાશે.. ભારત પોઇન્ટ ટેબલમાં પ્રથમ ક્રમે જ્યારે અમેરિકા બીજી ક્રમે રહ્યું છે.

✓ *****************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ODISHA-NEW CM

ભાજપના વરિષ્ઠ નેતા મોહન ચરણ માઝી ઓડિશાના નવા મુખ્યમંત્રી બનશે. . આજે સાંજે ભુવનેશ્વરના જનતા મેદાનમાં શપથ ગ્રહણ સમારોહ યોજાશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, કેન્દ્રીય પ્રધાનો જુઅલ ઓરમ, અશ્વિની વૈષ્ણવ અને અનેક ભાજપ શાસિત રાજ્યોના મુખ્ય પ્રધાનો આ સમારોહમાં હાજરી આપશે.

ભાજપના ધારાસભ્ય દળે સર્વસંમતિથી બે કેન્દ્રીય નિરીક્ષકો, કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ અને ભૂપેન્દ્ર યાદવની હાજરીમાં 52 વર્ષીય માઝીને તેમના નેતા તરીકે ચૂંટ્યા હતા..શ્રી માઝી ઓડિશાના કેઓંઝરથી ચાર વખત ધારાસભ્ય છે. તેઓ 2000, 2004, 2019 અને 2024 માં ઓડિશા વિધાનસભા માટે ચૂંટાયા હતા. મુખ્ય પ્રધાન તરીકે ચૂંટાયા પછી, શ્રી માઝીએ કહ્યું કે તેમની સરકાર રાજ્યના લોકોની અપેક્ષાઓ પૂરી કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરશે.. ભાજપે કનક વર્ધન સિંહ દેવ અને પ્રવતી પરિદા એમ બે નાયબ મુખ્ય પ્રધાનો રાખવાનો પણ નિર્ણય કર્યો છે. શ્રી સિંહ દેવ છ વખત ધારાસભ્ય અને ભૂતપૂર્વ મંત્રી છે અને પટનાગઢ વિધાનસભા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે શ્રીમતી પરિદા નિમાપારા વિધાનસભા મત વિસ્તારનું પ્થમ વખત પ્રતિનિધિત્વ કરે છે.

# ANDHRA PRADESH-CM- OATH

**આંધ્રપ્રદેશના ચૂંટાયેલા મુખ્યમંત્રી નારા ચંદ્રબાબુ નાયડુ આજે શપથ લેશે... આજે સવારે 11:27 કલાકે વિજયવાડા ઈન્ટરનેશનલ એરપોર્ટ નજીક કેસરાપલ્લી આઈટી પાર્ક ખાતે શપથ ગ્રહણ કરશે... ચોથવાર તેઓ આન્ધ્રપ્રદેશના**

**મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળશે.. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અન્ય કેટલાક મહાનુભાવો શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપે તેવી શક્યતા છે. અગાઉ શ્રી નાયડુ રાજ્યપાલ એસ અબ્દુલ નઝીરને મળ્યા હતા અને સરકાર રચવાનો દાવો કર્યો હતો. શ્રી નાયડુને ચૂંટણીમાં જીત બદલ અભિનંદન આપતાં રાજ્યપાલે તેમને સરકાર રચવા આમંત્રણ આપ્યું હતું.**

# ARUNACHAL OBSEROR

ભાજપ સંસદીય બોર્ડે રવિશંકર પ્રસાદ અને પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગને અરુણાચલ પ્રદેશના કેન્દ્રીય નિરીક્ષકોની જવાબદારી સોંપી છે..આ બંને નેતાઓની ઉપસ્થિતિમાં વિધાયક દળના નેતાની પસંદગી કરવામાં આવશે. બંને નિરીક્ષકો આજે બપોરે ઇટાનગર પહોંચશે અને નવા મુખ્યમંત્રીના નામ માટે સર્વસંમતિ સાધવા માટે ભાજપના ધારાસભ્યો સાથે બેઠક કરશે. ગુરુવારે નવા મુખ્યમંત્રી અને તેમની મંત્રી પરિષદનો શપથ ગ્રહણ સમારોહ યોજાય તેવી શક્યતા છે.

60 સભ્યોના ગૃહમાં ભાજપે 46 બેઠકો મેળવીને હાલમાં જ પૂર્ણ થયેલી વિધાનસભાની ચૂંટણીમાં જંગી જીત મેળવી છે.

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી હિમાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, હરિયાણા જમ્મુ વિભાગ અને દિલ્હી સહિત ભારતના ઉત્તરીય પટ્ટામાં તીવ્ર ગરમીના મોજાંની સ્થિતિ માટે ઑરેન્જ અલર્ટ જાહેર કર્યું છે. જ્યારે

પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ અને ઉત્તરપ્રદેશના કેટલાક ભાગોમાં આગામી ત્રણથી ચાર દિવસ સુધી અતિશય ગરમીની લહેરોની પણ સંભાવના છે.

હવામાન વિભાગે ચોમાસા અંગે કહ્યું કે, આગામી એક દિવસ દરમિયાન તેલંગાણા અને છત્તીસગઢના કેટલાક વધુ ભાગોમાં દક્ષિણ—પશ્ચિમ ચોમાસું આગળ વધવા સ્થિતિ અનુકુળ છે. જ્યારે આગામી સાત દિવસ દરમિયાન ઉત્તર—પૂર્વ ભારત અને પશ્ચિમ બંગાળમાં ગાજવીજ અને વિજળીના ચમકારા સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આવી જ સ્થિતિ બિહાર, ઝારખંડ અને ઓડિશામાં આગામી પાંચ દિવસ દરમિયાન પ્રવર્તે તેવી આગાહી છે.

હવામાન સંસ્થાએ જણાવ્યું કે, આગામી પાંચ દિવસ દરમિયાન વિદર્ભ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને દક્ષિણ ભારતના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ, વિજળી અને તેજ પવન સાથે હળવોથી મધ્યમ વરસાદ પડશે.

## RUSSIA BELARUSNUKE DRILL

રશિયન અને બેલારુસિયન સશસ્ત્ર દળોએ વ્યૂહાત્મક પરમાણુ હથિયારોની બીજી કવાયત શરૂ કરી છે. રશિયન સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે કવાયતનો હેતુ બે દેશોના બિન-વ્યૂહાત્મક પરમાણુ હથિયારોના ઉપયોગ માટે તૈયારીનો છે, બિનશરતી રીતે કેન્દ્રીય રાજ્યની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાને સુનિશ્ચિત કરવા માટેઆ કવાયત હાથ ધરાઇ છે... એક એજન્સીના અહેવાલ મુજબ બંને દેશોની પ્રથમ કવાયતમાં ,રશિયન દળોએ ઇસ્કેન્ડર ઓપરેશનલ-ટેક્ટિકલ મિસાઇલ સિસ્ટમ સાથે પ્રશિક્ષણ હાથ ધર્યું હતું, જેમાં ખાસ કરીને પ્રક્ષેપણ વાહનોને દારૂગોળોથી સજ્જ કરવામાં આવ્યા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

## BOAT CAPSIZED

યમનના દરિયાકાંઠે ક્ષમતા કરતાં વધુ ભારને કારણે બોટ પલટી જતાં 49 લોકો ડૂબી ગયા છે અને 140 અન્ય લાપતા છે.

ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશનના અહેવાલ અનુસાર યમનના શાબ્વા પ્રાંતના કિનારાની નજીક જહાજ પલટી ગયું હતું, આ બોટ સોમાલિયાના બંદર શહેર બોસાસોથી રવિવારે વહેલી સવારે રવાના થઈ હતી, જેમાં 90 મહિલાઓ સહિત 115 સોમાલી અને 145 ઈથોપિયનો હતા. આઇઓએમ અનુસાર સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા શોધ અને બચાવ કાર્યમાં અવરોધ આવી રહ્યાં છે.. પેટ્રોલિંગ બોટની અછત અને અહીંના આંતરિક સંઘર્ષોને કારણે બચાવ અને રાહત કામગીરી ઝડપથી થઇ રહી નથી. સ્થાનિક માછીમારો અને અન્ય લોકો બચાવ અને રાહત કામગીરી કરી રહ્યાં છે.. આ દુર્ઘટનામાં બચી ગયેલા લોકોને પણ સ્થાનિક નાગરિકો મદદ કરી રહ્યાં છે..પૂર્વીય માર્ગ તરીકે ઓળખાતા આ દરિયાઇ માર્ગે 2014થી અત્યાર સુધીની દુર્ઘટનાઓમાં એક હજાર નવસો સ્થળાંતર કરનારા લોકો મોતને ભેટ્યાં છે.

## MALAWI-VP-PLANE CRASH

મલાવીના ઉપરાષ્ટ્રપતિ સોલોસ ચિલિમા અને અન્ય નવ વ્યક્તિને લઈને જઈ રહેલું સૈન્ય વિમાન જંગલમાં તૂટી પડતાં તમામનાં મૃત્યુ થયા છે. મલાવીના પ્રમુખ લાઝારુસ ચાકવેરાએ જણાવ્યું છે કે અકસ્માતમાં કોઈ બચ્યું નથી. ટેલિવિઝન પરથી પ્રસારિત સંદેશામાં તેમણે જણાવ્યું છે કે દુર્ઘટનાગ્રસ્ત વિમાન મળી આવ્યું છે અને કોઇ જીવીત બચ્યું નથી.

ચિલિમા અને અન્યોને લઈને જઈ રહેલું વિમાન સોમવારે ખરાબ હવામાનને કારણે ઉત્તરીય શહેર મઝુઝુમાં ઉતરાણ કરવામાં નિષ્ફળ ગયા બાદ ગુમ થઈ ગયું હતું.

## T20 WORLD CUP CRICKET

**ICC પુરૂષ T20 વર્લ્ડ કપ ક્રિકેટમાં, ભારત આજે સાંજે ન્યૂયોર્કના નાસાઉ કાઉન્ટી ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં યુએસએ સામે ટકરાશે. બંને ટીમોએ તેમની બે-બે મેચ જીતી લીધી છે. જેને કારણે આજનો મૂકબલો રોમાંચક રહે તેવી શક્યતા છે.. ટીમ ઇન્ડિયાએ પાકિસ્તાન અને આયર્લૅન્ડ સામે જીત મેળવી હતી, જ્યારે યુએસએ તેમના અગાઉના મુકાબલામાં કેનેડા અને પાકિસ્તાન પર વિજય મેળવ્યો હતો. શ્રેષ્ઠ નેટ રન રેટ સાથે ભારત પોઈન્ટ ટેબલમાં પ્રથમ છે જ્યારે યુએસએ બીજા ક્રમે છે.**

**આજે વધુ અન્ય બે મેચો રમાનાર છે. ઑસ્ટ્રેલિયા એન્ટિગુઆના સર વિવિયન રિચર્ડ્સ સ્ટેડિયમમાં નામીબિયા સામે ટકરાશે, જ્યારે શ્રીલંકા ફ્લોરિડાના સેન્ટ્રલ બ્રોવર્ડ રિજનલ પાર્ક સ્ટેડિયમમાં નેપાળ સામે ટકરાશે.**

**અગાઉ, અમેરિકાના ન્યુયોર્કમાં નાસાઉ કાઉન્ટી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં પાકિસ્તાને કેનેડાને 7 વિકેટે હરાવ્યું હતું. પાકિસ્તાને 17.3 ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને 107 રનના લક્ષ્યનો સફળતાપૂર્વક પીછો કર્યો હતો. મોહમ્મદ**

**રિઝવાન અણનમ રહ્યો, તેણે 53 બોલમાં 53 રન બનાવ્યા, જ્યારે બાબર આઝમે 33 બોલમાં 33 રન બનાવ્યા.**

**પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી કેનેડાએ નિર્ધારિત 20 ઓવરમાં 7 વિકેટે 106 રન બનાવ્યા હતા. કેનેડા તરફથી ઓપનર એરોન જોન્સને 44 બોલમાં 52 રન બનાવ્યા હતા જ્યારે પાકિસ્તાન તરફથી મોહમ્મદ આમીર અને હરિસ રઉફે બે-બે વિકેટ લીધી હતી. આમિરને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. આ ટુર્નામેન્ટમાં પાકિસ્તાનની પ્રથમ જીત છે.**

# BADMINTON- AUSTRALIAN OPEN

ઓસ્ટ્રેલિયન ઓપન બેડમિન્ટન BWF સુપર 500 ઈવેન્ટમાં, ભારતીય અનુપમા ઉપાધ્યાયે મહિલા સિંગલ્સ કેટેગરીના પ્રારંભિક રાઉન્ડમાં મલેશિયાની વોંગ લિંગ ચિંગને હરાવી હતી તેણે સીધા સેટમાં 21-14, 23-21થી મેચ જીતી હતી.

અન્ય સિંગલ્સની મેચોમાં, આકર્ષિ કશ્યપ યુક્રેનની પોલિના બુહરોવા સામે રમશે, સામિયા ઈમાદ ફારૂકી ચાઈનીઝ તાઈપેઈની પાઈ યુ-પો સામે ટકરાશે, જ્યારે કેયુરા મોપતિ અને માલવિકા બંસોડ શરૂઆતના રાઉન્ડમાં ઓલ ઈન્ડિયન હરીફાઈમાં ભાગ લેશે.

મેન્સ સિંગલ્સ કેટેગરીમાં, ભારતીય દિગ્ગજ શટલર એચએસ પ્રણય મેન્સ સિંગલ્સ કેટેગરીમાં બ્રાઝિલના યગોર કોએલ્હો સામે તેના અભિયાનની શરૂઆત કરશે. અન્ય મેચમાં, સમીર વર્મા પ્રારંભિક રાઉન્ડમાં ઓસ્ટ્રેલિયાના રિકી તાંગ સામે રમશે, જ્યારે રવિનો મુકાબલો ચાઈનીઝ તાઈપેઈના લિન ચુન-યી સામે થશે. રાઉન્ડ ઓફ 32માં પુરૂષ સિંગલ્સમાં ભાગ લેનાર અન્ય ભારતીયોમાં મિથુન મંજુનાથ, કિરણ જિયોગે, એસ શંકર મુથુસામી સુબ્રમણ્યમ અને રઘુ મેરીસ્વામીનો સમાવેશ થાય છે.

આ પહેલા અભિષેક યેલિગર ઈઝરાયલના મિશા ઝિલ્બરમેન સામે સીધા સેટમાં ઉતર્યો હતો.

# TERROSIT KILLED

જમ્મુ અને કાશ્મીરમાં સેનાએ એક આતંકવાદીને ઠાર કર્યો હતો..કઠુઆના હીરાનગર સેક્ટરના સૈદા સોહલ વિસ્તારમાં આતંકવાદીઓ સાથે થયેલા સામસામા ગોળીબારમં આતંકવાદી માર્યો ગયો હતો... એન્કાઉન્ટર બાદ સુરક્ષા દળોએ સેડા સોહલ ગામના જંગલ વિસ્તારમાં મોટાપાયે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે.

# ARMY CHIEF

લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીને આર્મી સ્ટાફના આગામી વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ આ મહિનાની 30મીએ ચાર્જ સંભાળશે. હાલના આર્મી સ્ટાફ જનરલ મનોજ સી પાંડે 30મી જૂને પદ છોડશે.

1લી જુલાઈ, 1964ના રોજ જન્મેલા લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીને 15મી ડિસેમ્બર, 1984ના રોજ ભારતીય સેનાની પાયદળમાં કમિશન આપવામાં આવ્યું હતું. લગભગ 40 વર્ષ સુધીની તેમની લાંબી અને વિશિષ્ટ સેવા દરમિયાન, તેમણે વિવિધ ક્ષમતાઓમાં સેવા આપી છે.